# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૯-B તા.૦૬-૦૫-૨૦૨૨

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ધો.૬ થી ૮ માં વિકલ્પ આપવાના કેમ્પનાં આયોજન બાબત.
સંદર્ભ :- ક્રમાંક : પ્રાશિનિ/ક-નીતિ/૨૦૨૨/૩૭૪૭-૯૯ તા.૦૫-૦૫-૨૦૨૨

આથી હિન્દી માધ્યમ, ઉર્દૂ માધ્યમ અને અંગ્રેજી માધ્યમની મ્યુનિ. શાળાઓના તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે ગુજરાત સરકાર શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક : પીઆરઇ/૧૧૨૦૧૨/૬૨૧૦૬૫/ક (પાર્ટ-૧) તા.૦૧-૦૪-૨૦૨૨. અને પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીના પત્રક્રમાંક પ્રાશિનિ/ક-નીતિ/૨૦૨૨/૩૭૪૭-૯૯ તા.૦૫-૦૫-૨૦૨૨નાં પરિપત્ર તેમજ માન.નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણની તા.૦૬-૦૫-૨૦૨૨ની મીટીગમાં મળેલ મૌખિક સુચના અનુસાર ઉચ્ચ પ્રાથમિક શિક્ષણની લાયકાત ધરાવતા પ્રાથમિક શિક્ષકો/ વિદ્યાસહાયકોને ઉચ્ચ પ્રાથમિક શિક્ષણમાં જવા માટેનો વિકલ્પ પસંદ કરવાની તક આપવામાં આવે છે. ગુજરાત સરકાર શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક : પીઆરઇ/ ૧૧૨૦૧૨/ ૬૨૧૦૬૫/ક (પાર્ટ-૧) તા.૦૧-૦૪-૨૦૨૨ ના પ્રકરણ-જે માં જણાવ્યા અનુસાર ધોરણ : ૬ થી ૮ ની શૈક્ષણિક અને વ્યવસાયિક લાયકાત ધરાવતા અને રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવામાં આવતી જે-તે વિષય/માધ્યમની શિક્ષક યોગ્યતા પરીક્ષા (ટેટ-૨) પાસ કરેલ હોય અને ધો.૧ થી ૫ માં ઓછામાં ઓછા ૩ (ત્રણ) વર્ષની નોકરી પૂર્ણ કરી ફરજ બજાવતા શિક્ષકો/વિદ્યાસહાયકો પાસેથી નીચે જણાવેલ નમુના મુજબનાં સંમતિપત્રકમાં માહિતી સ્વ હસ્તાક્ષરે લખી તા.૦૯-૦૫-૨૦૨૨ સુધીમાં જે-તે ઝોનના મદદનીશ શાસનાધિકારીશ્રીને રૂબરૂમાં જમા કરાવવાનું રહેશે. ત્યારબાદ જે-તે ઝોનના મદદનીશ શાસનાધિકારીશ્રીએ સંમતિપત્રક દિન-૧માં મુખ્ય કચેરી એસ્ટાબ્લીશમેન્ટ વિભાગ ખાતે જમા કરાવવાના રહેશે. ધો.૬ થી ૮માં જવા માટેનો વિકલ્પ કેમ્પ તા.૧૬-૦૫-૨૦૨૨ના રોજ સ્કાઉટભવન, પાલડી ખાતે ૧૧-૦૦ કલાકે યોજવામાં આવેલ છે. પાત્રતા ધરાવતા શિક્ષકો કે જેઓએ નિયત નમૂનામાં તા.૦૯-૦૫-૨૦૨૨ સુધીમાં અરજી જમા કરાવેલી હશે તેવા શિક્ષકોએ આ કેમ્પમાં ઉપસ્થિત રહેવાનું રહેશે.

સુચનાઓ

(૧) આ સંમતિપત્રક વ્યક્તિગત આપવાની છે એટલે દરેક શિક્ષકે / વિદ્યાસહાયકે અલગ અલગ સંમતિપત્રક રજૂ કરવાનું રહે.

(૨) સંમતિપત્રક સાથે લાયકાતનાં સર્ટી.નાં પ્રમાણપત્રની પ્રમાણિત ઝેરોક્ષ નકલ બીડવી.

(૩) નમૂના મુજબનું ફોર્મ ચોકસાઈપૂર્વક ભરી જે-તે ઝોનમા સર્વિસબુક પરથી આ માહિતીની ચકાસણી કરાવી. આસિ.એ.ઓ./હેડકલાર્કના સહી/સિક્કા કરાવી લાવવાના રહેશે.

આ પરિપત્રની નોંધ શાળાના મુખ્ય શિક્ષકશ્રીએ પોતે તેમજ શાળાનાં તમામ શિક્ષકો / વિદ્યાસહાયકોને લેવડાવવી અને તે અંગેની સહી લઈ શાળાનાં દફતરે રાખવાની રહેશે.

**નોંધ :- લાંબી રજા કે અન્ય કારણસર ગેરહાજર હોય તો તે શિક્ષક / વિદ્યાસહાયકને મુખ્ય શિક્ષકે આ પરિપત્રની જાણ કરવાની રહેશે.**

તા.૦૬-૦૫-૨૦૨૨

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ ધો.૬ થી ૮ની શાળામાં સમાવવા બાબતનું સંમતિ પત્રક**

ગુજરાત સરકાર શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક : પીઆરઈ/૧૧૨૦૧૨/૬૨૧૦૬૫/ક (પાર્ટ-૧) તા.૦૧-૦૪-૨૦૨૨. અને પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીના પત્રક્રમાંક પ્રાશિનિ/ક-નીતિ/૨૦૨૨/૩૭૪૭-૯૯ તા.૦૫-૦૫-૨૦૨૨નાં પરિપત્રમાં જણાવ્યા પ્રમાણે ધોરણ – ૬ થી ૮ ની શૈક્ષણિક અને વ્યવસાયિક લાયકાત ધરાવતા અને રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવામાં આવતી જે-તે વિષય/માધ્યમની શિક્ષક યોગ્યતા પરીક્ષા (ટેટ-૨) પાસ કરેલ હોય અને ધો. ૧ થી ૫ માં ઓછામાં ઓછા ૩ (ત્રણ) વર્ષની નોકરી પૂર્ણ કરી ફરજ બજાવતા શિક્ષકો/વિદ્યાસહાયકો પાસેથી નીચે જણાવેલ નમુના મુજબનાં સંમતિપત્રકમાં માહિતી સ્વ હસ્તાક્ષરે લખી તા.૯-૫-૨૦૨૨ સુધીમાં જે-તે ઝોનના મદદનીશ શાસનાધિકારીશ્રીને રૂબરૂમાં જમા કરાવવાનું રહેશે.

| | | |
|---|---|---|
| ૧ | નામ :- | |
| ૨ | શાળાનું નામ :- | |
| ૩ | હોદ્દો :- | |
| ૪ | જન્મ તારીખ :- | |
| ૫ | સળંગ નોકરીની તારીખ :- | |
| ૬ | જિલ્લા ફેરબદલીથી આવેલ હોય તો<br>સ્કૂલ બોર્ડમાં દાખલ થયા તારીખ:- | |
| ૭ | વિદ્યાસહાયકે નિયમિત પગાર ધોરણમાં મૂકાયા તારીખ:- | |
| ૮ | મેળવેલ તમામ શૈક્ષણિક લાયકાત પાસ કર્યાના વર્ષ અને<br>યુનિવર્સિટી સાથેની માહિતી :-<br>સ્નાતક/પીટીસી અથવા સ્નાતક/બી.એડ થયેલ હોય<br>તો કયા વિષય સાથે કરેલ છે. તેની વિગત | |
| ૯ | કયા વિષયમાં વિકલ્પ સ્વીકારવા ઈચ્છો વો તેની વિગત | |
| ૧૦ | ઓફિસની મંજૂરી લઈ લાયકાત મેળવેલ હોય તો<br>ઠરાવ / તારીખ :- | |

ઉપરોકત જણાવેલ વિગતો સાચી છે. ભવિષ્યમાં ચકાસણી દરમ્યાન દર્શાવેલ માહિતી ખોટી માલુમ પડશે તો મારી સામે નિયમાનુસાર કાર્યવાહી કરવાની હું સંમતિ આપું છું.

આથી હું નીચે સહી કરનાર કર્મચારી મજકૂર શિક્ષણ વિભાગનાં પરિપત્રમાં જણાવ્યા મુજબની લાયકાત ધરાવું છું અને પરિપત્ર અનુસાર ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ ધો.૬ થી ૮ની ઉચ્ચ પ્રાથમિક શાળામાં શિક્ષણ કાર્ય કરવા હું મારી સંમતિ દર્શાવવું છું.

તા............

સહી.......................

પૂરેપૂરૂં નામ અને શાળાનું નામ

મુખ્ય શિક્ષકની સહી તથા ભલામણ

મહે. શાસનાધિકારીશ્રી,

સવિનય ઉપરોક્ત દર્શાવેલ માહિતી સર્વિસબુક પરથી ચકાસણી કરેલ છે.

ચકાસણી કરનાર કર્મચારીનીસહી

મદદનીશ શાસનાધિકારી

ન.પ્રા.શિ.સમિતિ,અમદાવાદ

હોદ્દો / ઝોન

ઝોન